ધોરણ-૯ થી ૧૨ (માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક) નું સળંગ એકમ ગણવા બાબત

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ મશબ/૧૨૧૦/૩૦૭૦/છ,
સચિવાલય, ગાંધીનગર,
તારીખઃ-૯-૫-૨૦૧૧

વંચાણે લીધા:

(1) શિક્ષણ વિભાગનો તા.૨૭-૦૪-૨૦૧૧નો ઠરાવ ક્રમાંક:મશબ/૧૨૧૦/૩૦૭૦/છ

**સુધારો :**

માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક વિભાગનું, ધોરણ ૯થી૧૨નું સળંગ એકમ ગણવા બાબતે શિક્ષણ વિભાગના તા.૨૭-૪-૧૧ ના ઠરાવથી સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે.આ ઠરાવના અમલીકરણમાં સરળતા રહે તે માટે ઉક્ત ઠરાવની જોગવાઇ ક્રમાંક : ૨ (૧) માં નીચે મુજબ સુધારો કરવામાં આવે છે.

"૨(૧). ધોરણ ૯ થી ૧૨ ની શાળાનું સળંગ એકમ ગણવાને કારણે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના શિક્ષકો, શૈક્ષણિક હેતુ માટે સંળગ એકમના શૈક્ષણિક કર્મચારી ગણાશે અને ઉચ્ચતર માધ્યમિક અને માધ્યમિક વિભાગના શિક્ષકોના કાર્યબોજના માપદંડ ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો ૧૯૭૪ના વિનિયમ-૨૮,શિક્ષણ વિભાગના તા.૮-૨-૮૦નો ઠરાવ ક્રમાંક:સમશ-૯૧૭૭-૫૦૨૩૧-ગ.૧ તથા તા.૨૦-૬-૮૦નો ઠરાવ ક્રમાંક:સમશ-૯૧૮૦-૧૭૩૮૨-ગ.૧ મુજબ રહેશે.

શાળાના આચાર્ય, શાળાની શૈક્ષણીક કામગીરી વધુ અસરકારક બને તે માટે જરૂરીયાત મુજબ ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં ફરજ બજાવતા શિક્ષકોને તેમની શૈક્ષણિક લાયકાતના અનુરૂપ પોતાના વિભાગનો કાર્યબોજ પ્રથમ પૂર્ણ કર્યા બાદ ખૂટતો કાર્યબોજ નીચલા ધોરણમાં સોંપી શકશે,

તે જ રીતે માધ્યમિક વિભાગના શિક્ષકોને તેમની લાયકાતના આધારે પોતાના વિભાગનો કાર્યબોજ પૂર્ણ કર્યા બાદ ખૂટતો કાર્યબોજ ઉચ્ચતર માધ્યમિક વિભાગના વર્ગોમાં યથાપ્રસંગે સોંપી શકશે.